


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 331
Dt.: 06-10-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને આપી દીધી છેલ્લી વોર્નિંગ

# સત્તા છોડો નહીંતર ભુક્કા બોલાવી દઈશું : ડોનાલ્ડ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ગાઝાના હુમલા રોકાવાનું નામ નથી લેતા. હમાસ સત્તા છોડવા તૈયાર નથી. આ બાજુ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને છેલ્લી ચેતવણી આપી દીધી છે. જો ગાઝાની સત્તા નહીં છોડે તો બધું ખતમ થઈ જશે. ટ્રમ્પનો આ કડક મેસેજ ત્યારે આવ્યો છે, જ્યારે હમાસે ટ્રમ્પના પ્લાનને અધૂરો માન્યો. ૩ ઓક્ટોબરના રોજ હમાસે કહ્યું કે તે બંધકોને છોડવા અને ગાઝાની સત્તા કોઈ સ્વતંત્ર ફિલિસ્તીની ગ્રુપને આપવા તૈયાર છે, પણ જ્યારે હથિયાર છોડવાની વાત આવી તો હા-ના કરવા લાગ્યા.

હથિયાર છોડવા પર હમાસના નેતાએ કહ્યું કે, આ પછી વાતચીતમાં નક્કી થશે. આંતરરાષ્ટ્રીય નિયમ હિસાબથી નક્કી થશે. તેમણે તેને બંધકોની મુક્તિની શરતો સાથે જોડી દીધું. સેનેટર લિંડસે ગ્રાહમે કહ્યું કે, હમાસ હથિયાર છોડવા નથી માગતા. તે ગાઝા પર કંટ્રોલ કરવા માગે છે. બંધકો માટે શરતો રાખી છે. સ્પષ્ટ છે કે તેઓ સમય માગે છે. ટ્રમ્પે ત્યાર બાદ કહ્યું કે, જોઈએ છીએ, સમય બતાવશે બીજું બોલો, જલદી ખબર પડી જશે. આ નિવેદનથી ટ્રમ્પનો ગુસ્સો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, અમે જાણીએ છીએ કે તમે ક્યાં છો, શોધીને ખતમ કરી નાખીશું.

વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, ટ્રમ્પે ૬ ઓક્ટોબરની રાત ૩.૩૦ વાગ્યા સુધીની ડેડલાઈન આપી છે. ત્યાં સુધી હમાસે વાત ન માની તો અમેરિકા એક્શન શરુ કરી દેશે. આ દરમ્યાન અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કહ્યું કે, વાત હજુ સુધી બની નથી.



પહેલું કામ બંધકોને છોડાવાનું છે. ઈઝરાયલી સેના ગાઝામાં યેલો લાઈન સુધી પાછળ હટશે. હમાસે હથિયાર છોડવા પડશે. ગાઝામાં એવી લીડરશિપ જોઈએ જે હમાસથી અલગ હોય અને આતંકી ગ્રુપ્સને ખતમ કરવા પડશે. રુબિયોએ કહ્યું કે તેના વગર પાક્કી શાંતિ નહીં આવે. હમાસે સીઝફાયરની વાત તો માની લીધી છે, પણ તે સત્તા છોડવા નથી માગતા.

હવે ઈઝરાયલની વાત કરીએ. ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું ઈઝરાયલના પીએમ બેંઝામિન નેતન્યાહૂ શાંતિ માટે કંઈ પણ કરવા તૈયાર છે? ટ્રમ્પનો જવાબ-હા. નેતન્યાહૂની ઓફિસ તરફથી કહેવાયું છે કે ટ્રમ્પ પ્લાનના પહેલા તબક્કાને તરત લાગુ કરવાની તૈયારી ચાલી રહી છે. પણ ઈઝરાયલી સેનાને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. બોમ્બ બ્લાસ્ટ અટક્યા નથી. ૪ ઓક્ટોબરના રોજ ગાઝા સિટીમાં ૧૮ લોકોના મોત થયા, ટફાહમાં એક ઘર પર હુમલામાં બાળકો ઘાયલ થઈ ગયા.

**વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પે ૬ ઓક્ટોબરની રાત ૩.૩૦ વાગ્યા સુધીની ડેડલાઈન આપી દીધી છે**

---

### ૧૫૧ કિમીની ગતિ; સાડા ત્રણ લાખ લોકોનું સ્થળાંતર

# ભારતમાં શક્તિ તો ચીનમાં મેટમો વાવાઝોડાનો ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

એક તરફ ભારતમાં શક્તિ વાવાઝોડાનો ખતરો મંડરાઈ રહ્યો છે, ત્યારે ચીનમાં મેટમો વાવાઝોડા (**Typhoon Matmo**)એ લેન્ડફોલ થતાં પહેલા જ પોતાનું જોર બતાવાનું શરૂ કરી દીધું છે. વાવાઝોડુંને લઈને તંત્ર એલર્ટમાં છે. રવિવારે (૫ ઓક્ટોબર) સરકારે ગ્વાંગડોંગ અને હેનાન વિસ્તારોના લગભગ ૩.૪૭ લાખ લોકોને તાત્કાલિક સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો હતો. ચીનના રાષ્ટ્રીય હવામાન કેન્દ્ર અનુસાર, રવિવારે સવારે મેટમોની મહત્તમ સતત પવનની ગતિ ૧૫૧ કિલોમીટર પ્રતિ કલાક હતી. વાવાઝોડું રવિવારે બપોરના સુમારે ગ્વાંગડોંગના ઝાનઝિયાંગ વિસ્તારમાં પહોંચ્યું હતું.

મેટમો તુફાનને લઈને ચીનના હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કરીને ચેતવણી આપી છે. તુફાનને લઈને ગત શનિવાર(૪ ઓક્ટોબર)થી હેનાન પ્રાંતથી ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. જ્યારે સાર્વજનિક પરિવહન અને વ્યવસાયોને બંધ કરવામાં આવ્યા છે. ધ પેપર અનુસાર, પ્રભાવિત વિસ્તારના ૧,૯૭,૮૫૬ જેટલાં લોકોને સલામત સ્થળે સ્થાળાંતર કરી દેવામાં આવ્યા છે.

મેટમોના કારણે ગ્વાંગડોંગના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારોને પ્રભાવિત કર્યા છે. જ્યાંથી લગભગ ૧.૫૧ લાખ લોકોનું સ્થાળાંતર કરાયુ છે. સ્થાનિક મીડિયા મુજબ, ઝાનઝિયાંગના કાંઠાના વિસ્તારોમાં રસ્તા પર દરિયાના પાણી ફરી વળ્યું હોવાના વીડિયો સામે આવ્યા છે. વાવાઝોડાને લઈને હવામાન વિભાગે ભારે વરસાદની ચેતવણી આપી છે. જેમાં ગ્વાંગડોંગ અને હેનાનના કેટલાક ભાગોમાં ૧૦૦થી ૨૪૯ મિલીમીટર (૪ થી ૧૦ ઈંચ) જેટલો વરસાદ થવાની શક્યતા છે. ભારે પવન સાથે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક તંત્ર દ્વારા શિક્ષણ અને ટ્યુશન ક્લાસ રદ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યુ છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં મેટમો ફિલિપાઈન્સમાંથી પસાર થયું હતું. જ્યારે કોઈ મોટી જાનહાનિ કે સંપત્તિનું નુકસાન થયું ન હતું. પરંતુ વાવાઝોડાના કારણે પાંચ ઉત્તરીય કૃષિ મેદાનો અને પર્વતીય પ્રદેશોમાં ૨૨૦,૦૦૦ થી વધુ લોકોને અસર પહોંચી હતી.

આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે, તેમાંથી લગભગ ૩૫,૦૦૦ લોકો ભૂસ્ખલનગ્રસ્ત અથવા પૂરગ્રસ્ત વિસ્તારથી બચાવ માટે પોતાના સંબંધીઓના ઘરોમાં સ્થળાંતરિત થયા છે. ત્યારબાદ વાવાઝોડું પશ્ચિમ અને ઉત્તર તરફ આગળ વધશે, જ્યાં તે ઉત્તર વિયેતનામ અને ચીનના યુનાન પ્રાંત તરફ આગળ વધશે.

---

### આ રૂમ ભારતનો ભાગ છે : ભાગવત

# ભાગવતે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને ભારતના ઘરનો એક ઓરડો ગણાવ્યો

**કોઈએ આપણા એક રૂમ પર કબજો કરી લીધો છે, તેને પાછો લેવો પડશે : આરએસએસના વડા મોહન ભાગવત**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને ભારતના ઘરનો એક ઓરડો ગણાવ્યો છે, જેના પર અન્ય લોકોએ કબજો કરી લીધો છે.

તેમણે કહ્યું કે આ રૂમ ભારતનો ભાગ છે અને તેને પાછો લઈ લેવો જોઈએ. ભાગવત સતનામાં એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા, જ્યાં તેમના નિવેદનને ભીડ તરફથી જોરથી તાળીઓથી વધાવી લેવાયું

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (**RSS**)ના વડા મોહન ભાગવતે કહ્યું, "મને ખૂબ આનંદ છે કે ઘણા સિંધી ભાઈઓ અહીં બેઠા છે. તેઓ પાકિસ્તાન ગયા ન હતા; તેઓ અવિભાજિત ભારતના હતા. સંજોગોએ અમને આ ઘરમાં આવવા મજબૂર કર્યા, પરંતુ તે ઘર અને આ ઘર અલગ નથી. આખું ભારત એક ઘર છે; અમારા ઘરના એક રૂમમાં કોઈએ કબજો કર્યો છે. મારું ટેબલ, ખુરશી અને કપડાં ત્યાં રાખવામાં આવ્યા હતા. હવે સમય આવશે જ્યારે આપણે તે રૂમ પાછો લેવો પડશે."

ભાગવતનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (**PoK**)માં લોકોએ પાકિસ્તાની શાસન સામે વિરોધ શરૂ કર્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી, હજારો સ્થાનિક લોકો આવામી એક્શન કમિટી (**AAC**)ના બેનર હેઠળ રસ્તાઓ પર ઉતરી આવ્યા છે, આર્થિક રાહત અને રાજકીય સુધારાની માંગ કરી રહ્યા છે.

ત્રણ દિવસથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોમાં દસ લોકો માર્યા ગયા છે અને ૧૦૦ થી વધુ ઘાયલ થયા છે. ધીરકોટ (બાગ જિલ્લો) માં પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા ચાર પ્રદર્શનકારીઓની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મુઝફ્ફરાબાદ, દદ્યાલ (મીરપુર) અને ચમ્યાતી (કોહાલા નજીક) માં પણ હિંસાના અહેવાલો છે.

---

### ચાંદી રૂ.૧.૪૫ લાખને પાર; બંને ઑલટાઈમ હાઈ

# સોનાના ભાવમાં એક સપ્તાહમાં રૂ.૩૬૦૦નો વધારો જોવાયો

**સોનાના ભાવમાં વર્ષ ૨૦૨૫માં જોરદાર તેજી આવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સોનાના ભાવમાં વર્ષ ૨૦૨૫માં જોરદાર તેજી આવી છે. વર્ષની શરૂઆતથી, સોનું લગભગ ૪૮ ટકા જેટલું મોંઘુ થયું છે. સોના ઉપરાંત ચાંદીના ભાવમાં પણ તીવ્ર વધારો જોવા મળ્યો હતો, જેના કારણે બંને કિંમતી ધાતુઓના ભાવ ઓલ ટાઈમ હાઈ નજીક રહ્યા હતા.



ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (**IBJE**) અનુસાર, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ હવે ૧,૧૬,૯૫૪ રૂપિયા પર છે, જે એક અઠવાડિયા પહેલા આ દિવસે ૧,૧૩,૨૬૨ રૂપિયા હતો, જેમાં ૩૬૯૨ રૂપિયાનો વધારો જોવા મળે છે.

તો ૨૨ કેરેટ સોનાનો ભાવ વધીને ૧,૦૭,૧૩૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો છે, જે અગાઉ ૧,૦૩,૭૮૨ રૂપિયા હતો. ૧૮ કેરેટ સોનાનો ભાવ વધીને ૮૭,૭૧૬ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો છે, જે ૧૦ ગ્રામનો ૮૪,૯૭૪ રૂપિયા હતો.

આ સમયગાળા દરમિયાન ચાંદીના ભાવ ૭,૫૧૦ વધીને ૧,૪૫,૬૧૦ પ્રતિ કિલો થયા, જે અગાઉ ૧,૩૮,૧૦૦ પ્રતિ કિલોનો ભાવ હતો.ઉલ્લેખનીય છે કે, ૧ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૪૦,૭૯૨ અથવા ૫૩.૫૫ ટકા વધીને ૭૬,૧૬૨ થી ૧,૧૬,૯૫૪ થયો છે. ચાંદીના ભાવ પણ ૫૯,૫૯૩ કે ૬૯.૨૮ ટકા વધીને ૧,૪૫,૬૧૦ થયા છે, જે પ્રતિ કિલોગ્રામ ૮૬૦૧૭ થી વધીને ૧,૪૫,૬૧૦ થયો છે.

---

### લાઈસન્સ તાત્કાલિક રદ કરો : કેન્દ્ર સરકાર

# કફ સિરપથી ૧૬ બાળકોના મોત પર કેન્દ્ર સરકારે રાજ્યોને એક્શન લેવાની ખુલ્લી છૂટ આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પ્રદેશના છિંદવાડામાં શંકાસ્પદ રીતે કિડનીનું કામ કરવાનું બંધ કરી દેવાના કારણે ૧૬ બાળકોના મોત થયા બાદ ઝેરી કફ સિરપની ક્વૉલિટી અને તેના ખોટા ઉપયોગ પર કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવે રવિવારે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે કફ સિરપની ક્વૉલિટી અને યોગ્ય ઉપયોગને લઈને ઉચ્ચ સ્તરીય બેઠક કરી છે. બેઠકમાં સચિવે સ્પષ્ટ કહ્યું કે, તમામ દવા કંપનીઓ સંશોધિત **Schedule M** ના નિયમોનું કડકાઈથી પાલન કરે, નહીંતર તેમના લાઈસન્સ રદ કરી દેવામાં આવશે.

બેઠકમાં રાજ્યોને કહેવાયું છે કે બાળકોમાં કફ સિરપનો ઉપયોગ જોઈ વિચારીને કરવો, કેમ કે મોટા ભાગે ખાંસી આપોઆપ ઠીક થઈ જાય છે અને દવાની જરૂર રહેતી નથી. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની દેખરેખ વધારવા, હોસ્પિટલમાં સમયસર રિપોર્ટ મોકલવા, **IDSP-IHIP** પ્લેટફોર્મ પર ફરિયાદ નોંધાવવા અને પાડોશી રાજ્યો સાથે સમન્વય મજબૂત કરવાના નિર્દેશ આપ્યા છે, જેથી સમય પર કાર્યવાહી કરી શકાય. ઉત્તર પ્રદેશ અને તમિલનાડુ સરકારે સિરપમાં ઝેરી પદાર્થ મળવા પર કોલ્ડ્રિક પર પ્રતિબંધ લગાવી દીધો છે. તમિલનાડુ બાદ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને દિલ્હી સરકારે પણ કોલ્ડ્રિફના વેચાણ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

---

# શટડાઉનથી અમેરિકાનું અર્થતંત્ર પડી ભાંગવાનો ડર ખોટો પડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં લાગુ કરેલા શટડાઉનને લીધે ત્યાંનું અર્થતંત્ર પડી ભાંગશે, ભયંકર બેરોજગારી સર્જાશે, અને એ બધાંની અસર દુનિયાના અન્ય દેશોને પણ પડશે, એવો ડર ખોટો પડતો જણાઈ રહ્યો છે. વૈશ્વિક આર્થિક રેટિંગ એજન્સી **S&P** ગ્લોબલના મુખ્ય અર્થશાસ્ત્રી સત્યમ પાંડેના મતાનુસાર આગામી બાર મહિનાના સમયગાળામાં અમેરિકામાં મંદી આવવાની સંભાવના ઘટીને ૩૦% થઈ છે, જે આ વર્ષની શરૂઆતમાં ૩૫% હતી. ગુરુવારે વોલ સ્ટ્રીટ સૂચકાંકો પણ રેકોર્ડ ઊંચાઈએ બંધ થયા હતા. **S&P** ૫૦૦ ૦.૧ ટકા વધ્યો હતો અને **Nasdaq** ૧૦૦ ૦.૪ ટકા વધ્યો હતો.

મંદીની સંભાવના ઘટવા માટના કારણો તરીકે સત્યમ પાંડેએ નીચેના પરિબળોને જવાબદાર ગણાવ્યા છે.

૧. ટ્રમ્પે દુનિયાના અનેક દેશો પર લાગુ કરેલા વ્યાપારિક ટેરિફને લીધે શરૂઆતમાં જે ભય ફેલાયો હતો એ હવે ઓછો થઈ ગયો છે, કારણ કે વ્યાવસાયિકોએ નવી વેપાર નીતિઓ સાથે સમયસર સમાયોજન કરી લીધું છે.

૨. બીજું અને વધુ મહત્ત્વનું કારણ છે, ટેક્નોલોજી ક્ષેત્રે થયેલો મજબૂત મૂડીનો ખર્ચ (કેપિટલ એક્સપેન્ડિચર). હાઈ-ટેક ક્ષેત્રમાં મૂડી ખર્ચના આંકડા ખરેખર મજબૂત રહ્યા છે, જે એક સુખદ આશ્ચર્ય છે. આ સ્થિતિસ્થાપકતાએ જ મંદીની સંભાવના ઘટાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

હળવા સુધારા થયા હોવા છતાં અર્થશાસ્ત્રીએ ચેતવણી આપી છે કે, અમેરિકન અર્થતંત્રમાં નબળાઈઓ ચાલુ જ રહેશે, કેમ કે શ્રમ બજાર, ગ્રાહક ખર્ચ અને ઉપભોક્તા ભાવના સૂચકાંકો જેવા અનેક મુદ્દા હજુ નબળા છે. ખાસ કરીને શ્રમ બજારની ચિંતાઓ હવે ફેડરલ રિઝર્વ (અમેરિકન કેન્દ્રીય બેંક)ની નીતિઓને પ્રભાવિત કરી રહી છે. સત્યમ પાંડે જણાવે છે કે, 'ફેડરલ રિઝર્વ હવે શ્રમ બજારનું નિરીક્ષણ કરી રહ્યું છે. હજુ પણ ફુગાવાના દબાણ હોવા છતાં, કેન્દ્રીય બેંક હવે રોજગારી સુધારવા પર વધુ ભાર આપી રહી છે. તેઓ નથી ઈચ્છતા કે બેરોજગારીનો દર વધુ વધે. તેઓ ઓક્ટોબરની બેઠકમાં અને એ પછી ડિસેમ્બરમાં ૨૫ બેસિસ પોઈન્ટ (૦.૨૫%)ના વ્યાજ દરમાં કમી કરશે, એવું લાગે છે.'

સત્યમ પાંડેએ સ્પષ્ટ કર્યું છે કે, ફેડરલ રિઝર્વના પ્રયાસોને લીધે ધીમેધીમે પ્રગતિ થશે. એમના પગલાં નીતિગત દરોને તટસ્થ સ્તર પર પાછા લાવવા પર કેન્દ્રિત છે. તેમનો અંદાજ છે કે આ તટસ્થ વ્યાજદર ૩.૧% થી ૩.૩% ની વચ્ચે રહેશે.

એક તરફ અમેરિકન અર્થતંત્રમાં 'મંદીના જોખમમાં ઘટાડો' અને 'ટેક્નોલોજી ક્ષેત્રે મજબૂત રોકાણ' જેવા સકારાત્મક સૂચકો છે, તો બીજી તરફ શ્રમ બજાર અને ગ્રાહક ખર્ચ જેવા મુખ્ય સૂચકાંકો હજુ પણ ચિંતાજનક છે. ફેડરલ રિઝર્વની નીતિઓ આગામી સમયમાં આ બંને પાસાંઓ વચ્ચે સંતુલન સાધવા માટે નિર્ણાયક સાબિત થશે. સરકારી શટડાઉન જેવી ઘટનાઓથી ટૂંકા ગાળાની અસર થઈ શકે છે, પરંતુ મોટા પાયે અર્થતંત્ર પર તેની લાંબા ગાળાની ગંભીર અસર થવાની શક્યતા નહીંવત જણાય.




# તંત્રી લેખ......

## ભારત સામેના દરેક યુદ્ધમાં પાક. હાર્યું છે

આ વર્ષના એપ્રિલમાં, પાકિસ્તાની આતંકવાદીઓએ પહેલગામમાં ૨૬ બિન-મુસ્લિમોની તેમના ધર્મ પર સવાલ ઉઠાવીને ક્રૂરતાથી હત્યા કરી હતી. આ ઘટનાથી આખો દેશ શોક અને આક્રોશમાં ડૂબી ગયો હતો, જ્યારે મોટાભાગના પાકિસ્તાનીઓ આ બર્બર કૃત્યની પ્રશંસા કરવામાં વ્યસ્ત હતા. વાસ્તવમાં, મોટાભાગના પાકિસ્તાનીઓ હિન્દુઓ પ્રત્યે હતાશા અને નફરતથી ભરેલા છે. તેમનું અસ્તિત્વ નફરત પર આધારિત હોવાથી, તેઓ આ લાગણીને દૂર કરી શકતા નથી. તેમની અભદ્ર ભાષા પણ તેમની નિરક્ષરતા અને હતાશાને પ્રતિબિંબિત કરે છે. શિક્ષિત ટેલિવિઝન એક્કર્સ, લશ્કરી સેનાપતિઓ અને ક્રિકેટરો પણ આ જ નફરતભરી આગનો ભોગ બની રહ્યા છે. આ બેશરમ વર્તનનું તાજું ઉદાહરણ તાજેતરમાં જોવા મળ્યું જ્યારે ભૂતપૂર્વ પાકિસ્તાની કેપ્ટન મોહમ્મદ યુસુફે એક ટીવી કાર્યક્રમમાં ભારતીય_૨૦ કેપ્ટન સૂર્ય કુમાર યાદવ સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો. એક્કર કે અન્ય સહભાગીઓને અટકાવવાને બદલે, તેઓ બેશરમીથી હસ્યા. આ પાકિસ્તાનના પાત્રને પ્રતિબિંબિત કરે છેઃ એક સંપૂર્ણપણે અમાનવીય દેશ, જેની ઉર્જા ફક્ત ભારતીયો સામે ઝેર ઓકવામાં જ ખર્ચાય છે.

એશિયા કપમાં ભારત હાથે ત્રણ હારનો સામનો કરનાર પાકિસ્તાનનો ભૂતકાળ કલંકિત છે. સમાજનો આ વર્ગ ભારતના ભાગલા પછી પાકિસ્તાનની રચનાથી પણ સંતુષ્ટ ન હતો, જેના કારણે તેણે પોતાની અલગ ઓળખને મુદ્દો બનાવી દીધી. તેની સ્થાપનાથી જ, પાકિસ્તાન પોતાની પ્રગતિ કરતાં ભારતને નુકસાન પહોંચાડવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તે ભારત સામે બદલો લેવા માટે એટલો ગ્રસ્ત છે કે તે પોતાના લોકોને પણ ક્રૂરતાથી દબાવવામાં અચકાતો નથી. આનું ઉદાહરણ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં દેખાય છે, જ્યાં લોકો બળવો કરવાની આરે છે. ભારતે પાકિસ્તાનમાં બગડતી પરિસ્થિતિ પ્રત્યે સતર્ક રહેવું જોઈએ. પાકિસ્તાન ભારત સામે ગમે તેટલું ઝેર ઓકતું હોય, પણ ભારત સામે લડેલા તમામ યુદ્ધોમાં તેને શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. ૧૯૬૫નું યુદ્ધ હાર્યા પછી, તેણે હાજી પીર પાસ પરત કરવાની વિનંતી કરી. ત્યારબાદ, ૧૯૭૧માં, ૯૩,૦૦૦ પાકિસ્તાની સૈનિકોએ ઢાકામાં ભારતીય સેના સમક્ષ આત્મસમર્પણ કર્યું. બીજા વિશ્વયુદ્ધ પછી આ કોઈપણ સૈન્યનું સૌથી મોટું અને સૌથી અપમાનજનક શરણાગતિ હતું. શિમલામાં વાટાઘાટોના ટેબલ પર, ભુટ્ટોએ આ સૈનિકો અને કેટલાક અન્ય વિસ્તારોમાં પાછા ફરવાની વિનંતી કરી. ૧૯૯૯ના કારગિલ સંઘર્ષ દરમિયાન ભારતીય સૈનિકોએ ઘૂસણખોરીની તેની યોજનાઓને નિષ્ફળ બનાવી દીધી. પાકિસ્તાનની અમાનવીયતાનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે તેણે તે સંઘર્ષમાં માર્યા ગયેલા તેના સૈનિકોના મૃતદેહ સ્વીકારવાનો પણ ઈનકાર કર્યો. ૨૦૨૫ની વાર્તા પણ અલગ નહોતી, જ્યારે પહેલગામ હુમલા પછી, પીએમ મોદીએ નક્કી કર્યું કે બહુ થયું અને પાકિસ્તાને તેના કાર્યોની કિંમત ચૂકવવી પડશે. ઓપરેશન સિંદૂર હેઠળ, ભારતે પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. ત્યારબાદ ભારતીય વાયુસેનાએ નૂરખાન વાયુસેના સહિત અનેક પાકિસ્તાની વાયુસેના અને હવાઈ પટ્ટીઓનો નાશ કર્યો. પાકિસ્તાનની સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે તેણે યુદ્ધવિરામની અપીલ કરી. એ વાત અલગ છે કે તેની ધમકીઓ અને દંભ આજે પણ ચાલુ છે.

જાણો લક્ષ્મી પૂજા અને જાગરણનું મહત્ત્વ

## શરદ પૂનમે ખુલ્લા આકાશ નીચે કેમ મુકાય છે દૂધ-પૌંઆ કે ખીર?

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

હિન્દુ પંચાંગ પ્રમાણે આ વર્ષે શરદ પૂર્ણિમા ૬ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ મનાવવામાં આવશે. એવું માનવામાં આવે છે કે, આ દિવસે ચંદ્ર સોળે કળાએ ખીલેલો હોય છે અને તેના કિરણોને અમૃત સમાન માનવામાં આવે છે.

આ જ કારણે આ પૂર્ણિમા ધાર્મિક, આધ્યાત્મિક અને સ્વાસ્થ્ય દ્રષ્ટિકોણથી અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. એવું કહેવાય છે કે શરદ પૂર્ણિમાની રાત્રે તૈયાર કરવામાં આવતી ખીર અમૃત સમાન હોય છે.એટલે લોકો પૂર્ણિમાની રાત્રે ખીર તૈયાર કરે છે અને તેને ખુલ્લા આકાશ નીચે રાખે છે. આવો જાણીએ કે, શરદ પૂર્ણિમા ખીર શા માટે ખાસ હોય છે.

શરદ પૂર્ણિમાને કોજાગરી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. કોજાગરી નો અર્થ કોણ જાગી રહ્યું છે. એવું માનવામાં આવે છે કે, માં લક્ષ્મી આ રાત્રે પૃથ્વી પર ભ્રમણ કરે છે, અને એવા ઘરોમાં પ્રવેશ કરે છે જ્યાં જાગરણ કરવામાં આવે છે અને તેમની અને ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે.

પૌરાણિક કથાઓ અનુસાર, સમુદ્ર મંથન દરમિયાન આ તિથિએ માં લક્ષ્મી પ્રગટ થયા હતા. તેથી, તેને દેવી લક્ષ્મીના જન્મોત્સવ તરીકે પણ મનાવવામાં આવે છે.

આ વર્ષે, શરદ પૂર્ણિમા ૬ ઓક્ટોબરના રોજ બપોરે ૧૨:૨૩ વાગ્યે શરૂ થશે અને ૭ ઓક્ટોબરના રોજ સવારે ૯:૧૬ વાગ્યા સુધી ચાલુ રહેશે. પરંપરા મુજબ મોડી સાંજે દેવી લક્ષ્મીની પૂજા કરવામાં આવશે.

શરદ પૂર્ણિમાની રાત્રે ખીર બનાવીને તેને ચંદ્રમાની રોશનીમાં રાખવાની પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવે છે. એવું માનવામાં આવે છે કે ચંદ્રના કિરણો ખીરમાં ઔષધીય ગુણોનો સંચાર કરે છે. બીજા દિવસે સવારે સ્નાન કર્યા પછી આ ખીરનું સેવન કરવાથી ઉર્જા, શક્તિ અને સ્વાસ્થ્ય લાભ મળે છે. ખાસ કરીને આ ખીર શ્વસન રોગો અને અન્ય બીમારીઓ માટે ફાયદાકારક માનવામાં આવે છે.

શરદ પૂર્ણિમા માત્ર ધાર્મિક કે આધ્યાત્મિક પર્વ જ નથી, પરંતુ આ સ્વાસ્થ્ય અને પરિવારના સુખાકારી સાથે પણ સંકળાયેલ છે. આ દિવસે જાગરણ, દેવી લક્ષ્મી અને ભગવાન વિષ્ણુની પૂજા, અને ચંદ્રમાની રોશનીમાં ખીર મૂકવાની પરંપરાનું પાલન કરવાથી જીવનમાં શાંતિ, ધન-ધાન્ય અને સમૃદ્ધિ આવે છે.

ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ શ્રી ડૉ. કે.લક્ષ્મણ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'વિચરતી વિમુક્ત જાતિઓનું રાજ્ય સ્તરીય મહાસંમેલન'

જેને કોઈ પૂછતું નથી એને મોદી પૂજે છે એ વાત વિચરતી-વિમુક્ત જાતિઓ માટે અનેક કલ્યાણ યોજનાઓના સફળ અમલ થી વડાપ્રધાન શ્રી એ સાકાર કરી છેઃ-મુખ્યમંત્રીશ્રી










મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી વિમુક્ત જાતિઓ ના અમદાવાદમાં યોજાયેલા રાજ્ય સ્તરીય મહાસંમેલન' માં સ્પષ્ટ પણે કહ્યું હતું કે જેને કોઈ પૂછતું પણ ન હતું તેવા અંત્યોદય , ગરીબ ,વંચિતો ને મોદી સાહેબે પૂજ્યા છે.

ડીએનટી ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ સંમેલનમાં રાજ્યભરમાંથી વિચરતી વિમુક્ત જાતિઓના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, વિચરતી- વિમુક્ત જાતિનો સમાજ આગળ વધશે તો ક્યારે વધશે એ ભૂતકાળમાં સવાલ હતો પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું સક્ષમ નેતૃત્વ મળ્યું અને દરેક વ્યક્તિ-સમાજને સાથે રાખીને સૌના સાથ સૌના વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ નો ધ્યેય પાર પડ્યો છે.

તેમણે નાનામાં નાના માણસનો વિચાર કરીને સરકારી યોજનાઓ કે નીતિઓ બનાવી છે અને વિકસિત ભારતના નિર્માણ માટે છેવાડાના અને મધ્યમ વર્ગના માનવી ને કેન્દ્ર સ્થાને રાખીને વિકાસ સાથે જોડ્યો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિચરતી અને વિમુક્ત જાતિઓના બાળકોને શિક્ષણ આપવા ,ભણાવવા પર ભાર મુકતા કહ્યું કે, તમારા દીકરા-દીકરી ભણીને આગળ વધે એ માટે સરકારે ખુબ સારી યોજનાઓ બનાવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં વિચરતી-વિમુક્ત જાતિના ૨૭ લાખથી વધુ લાભાર્થીઓને ૨૯૭ કરોડ રૂપિયાની રકમ ની શિષ્યવૃત્તિની સહાય ચૂકવવામાં આવી છે અને ૮૪૪૮ જેટલાં લાભાર્થીઓને ૧૦૫ કરોડ રૂપિયાની લોન સહાય પૂરી પાડવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, અત્યારે જે પ્રમાણે દેશ અને દુનિયાની ડિમાન્ડ અને સમયની માંગ છે તે પ્રમાણે કદમથી કદમ મિલાવી દીકરા-દીકરીઓ ભણીને આગળ વધી રહ્યા છે એમાં જ્યાં જરૂર પડે ત્યાં સરકાર તમારી સાથે ઉભી રહેવા તૈયાર છે.

તેમણે આ સમાજ ની બહેનો માતાઓને પણ સ્વ સહાયજૂથ જેવી યોજનાઓ નો લાભ લઈ આત્મ નિર્ભર બનવા પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપણે વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યા છે ત્યારે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે તમામ સમાજો એ પણ તેમાં જોડાવાનું છે.

વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવા નાનામાં નાનો માણસ મુખ્ય પ્રવાહમાં આવે તે માટે સરકાર વિવિધ કલ્યાણ યોજનાઓ માં સેચ્યુરેશન અભિગમ થી પડખે ઊભી રહી છે.

તેમણે આત્મ નિર્ભર ભારત માટે વોકલ ફોર લોકલ અને સ્વદેશી વસ્તુઓ ના વધુ ને વધુ ઉપયોગ નું આહ્વાન કરતાં કહ્યું કેજીએસટી રીફોર્મ્સના લીધે જનજીવનને ઘણો લાભ થઈ રહ્યો છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી એ આગામી દિવસોમાં આવતા તહેવારોમાં સ્વદેશી ચીજ વસ્તુઓના ખરીદ વેચાણ ને વેગ આપીનેઆત્મનિર્ભર ભારત વિકસિત ભારત નો સંકલ્પ વેગવાન બનાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિચરતી વિમુક્ત જાતિના લોકોને કાયમી સરનામું મળી રહે તેવા આશયથી 'ઘરનું ઘર' આપવાની શરૂઆત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, ૨૮ જેટલી વિચરતી અને ૧૨ જેટલી વિમુક્ત જાતિ મળી કુલ ૪૦ જેટલી જાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે ઘણી પછાત હોય છે ત્યારે રાજ્ય સરકારે ૨૦૧૫માં આવા લોકો માટે નિગમની રચના કરી હતી.

રાજ્ય સરકારે વિચરતી વિમુક્ત જાતિના બાળકોના અભ્યાસ માટેની ચિંતા કરી તેમને સ્કોલરશીપ અને બીજી ઘણી શૈક્ષણિક સહાય મળી રહે તેવા પ્રયાસો કર્યા છે તેવું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું જે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ છેવાડાના લોકો સુધી વિકાસના લાભ પહોંચે તે દિશામાં કાર્ય કરી રહ્યા છે.

વધુમાં જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, સ્ટ્રીટ વેન્ડર્સને પોતાના ધંધા માટે બેંકમાંથી સરળ રીતે લોન મળી રહે તે પ્રકારની વ્યવસ્થા વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પદ્મશ્રી ભાનુભાઈ ચિતારાનું સન્માન કરાયું હતું.

આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ અને ભાજપ ઓબીસી મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડૉ. કે.લક્ષ્મણ, રાજ્યસભા સાંસદ અને પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના પ્રમુખ શ્રી મયંક નાયક, અમદાવાદ શહેરના મેયર શ્રીમતિ પ્રતિભાબેન જૈન, શહેર ભાજપ અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ, શ્રી ભરતભાઈ પટણી, શ્રી પ્રવિણભાઈ ધુગે, શ્રી સાગરભાઈ રાયકા તથા વિચરતી વિમુક્ત જાતિઓના રાજ્યભરમાંથી પધારેલા આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

VGRC ભારતીય ઉદ્યોગોમાં ક્રાંતિ લાવનાર શ્રી કરસનભાઈ પટેલની સાફલ્યગાથાને ઉજાગર કરશે

## એક નાનકડા વિચારથી ઔદ્યોગિક સામ્રાજ્ય સુધીઃ ઉત્તર ગુજરાતમાં યોજાનારી VGRC રજૂ કરશે વિકાસની બ્લૂપ્રિન્ટ, જે નિરમા ગ્રુપના સ્થાપક થકી પ્રેરિત

VGRC ઉત્તર ગુજરાતઃ નિરમા ગ્રુપના સ્થાપક શ્રી કરસનભાઈ પટેલની શૂન્યમાંથી અબજોનું સામ્રાજ્ય ઊભું કરવાની ગાથા આગામી પેઢીના ઉદ્યોગસાહસિકોને પ્રેરણા આપશે



ઉત્તર ગુજરાતના વિજ્ઞાન વિષયમાં સ્નાતક થયેલા શ્રી કરસનભાઈ પટેલે પોતાના ઘરઆંગણેથી વૈશ્વિક વ્યાપારના દિગ્ગજોને પડકારવાનું નક્કી કર્યું. એક પ્રખ્યાત ઉદ્યોગપતિ અને ભારતીય અબજોપતિ ઉદ્યોગસાહસિક તરીકે કરસનભાઈનું જીવન તેમની ઉદ્યોગસાહસિક નિપુણતાની સાખ પૂરે છે. તેમનો જન્મ ૧૯૪૫માં ઉત્તર ગુજરાતના રૂપપુર ગામ ખાતે એક ખેડૂત પરિવારમાં થયો હતો.

શ્રી કરસનભાઈ પટેલે કેમિસ્ટ્રી વિષય સાથે બીએસસીની ડિગ્રી મેળવી અને ત્યારબાદ અમદાવાદની ન્યૂ કોટન મિલ્સમાં લેબ ટેક્નિશિયન તરીકે કામ શરૂ કર્યું. તે પછી ૧૯૬૯માં તેમણે અમદાવાદમાં સ્થિત તેમના ઘરના પાછલા ભાગમાં મૂળભૂત સામગ્રીઓનો ઉપયોગ કરીને ડિટર્જન્ટ પાવડર બનાવવાનું શરૂ કર્યું. પોતાની રોજિંદી નોકરી પર જતા પહેલા, તેઓ આખા અમદાવાદ શહેરમાં પોતાની સાયકલ પર ફરતા અને ઘરે-ઘરે જઈને પોતાના હાથે બનાવેલા ડિટર્જન્ટના પેકેટ્સ વેચતા હતા. તેમણે તેમની સ્વર્ગસ્થ પુત્રી નિરૂપમાને પ્રેમભરી શ્રદ્ધાંજલિ આપતા તેમના ડિટર્જન્ટને 'નિરમા' નામ આપ્યું.

સારી ગુણવત્તાવાળો ડિટર્જન્ટ પાવડર અને તેના પોસાય તેવા ભાવો રાખવાનો કરસનભાઈનો અભિગમ તે સમયમાં એકદમ ક્રાંતિકારી હતો, જેના કારણે તેમની આ પ્રોડક્ટનું શરૂઆતના ગાળામાં વર્ડ-ટુ-માઉથ એટલે કે લોકમુખે માર્કેટિંગ થવા લાગ્યું. નિરમા ડિટર્જન્ટ પાવડર ખૂબ ઝડપથી લોકપ્રિય થવા લાગ્યો અને તેને ખૂબ સફળતા મળી. ટુંક સમયમાં કરસનભાઈએ તેમની મિલની નોકરી છોડી દીધી અને સંપૂર્ણપણે તેમના વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ધીમે ધીમે નિરમા ગ્રુપ એક બિઝનેસ સમૂહ તરીકે વિકસિત થયું અને તેના ઉત્પાદનોમાં ડિટર્જન્ટ, સિમેન્ટ, હેલ્થકેર તેમજ કેમિકલ્સનો સમાવેશ કરવામાં આવ્યો. આજે શ્રી કરસનભાઈ પટેલ ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં અગ્રણી કહેવાય છે. ફોર્બ્સના અંદાજ મુજબ, તેમની વ્યક્તિગત સંપત્તિ ઈ૪.૭ બિલિયનથી વધુ છે, જે દર્શાવે છે કે આકરી મહેનત થકી તેમણે પોતાનું સમગ્ર જીવન પોસાય તેવા ભાવે સુલભ અને ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સના ઉત્પાદનને સમર્પિત કર્યું છે.

કરસનભાઈએ પોતાની આ સફળતાને હંમેશાં પોતાના વતન સાથે વહેંચી છે. તેઓ પોતાના ગુજરાતના મૂળિયાને ક્યારેય ભૂલ્યા નથી. તેમણે ગુજરાતના અન્ય વિસ્તારો ઉપરાંત, ઉત્તર ગુજરાતના માંડલી અને છત્રાલમાં નિરમાના મોટા ઔદ્યોગિક કેન્દ્રો બનાવ્યા છે. આ વિશાળ કેન્દ્રોએ હજારો સ્થિર સ્થાનિક રોજગારીઓનું સર્જન કર્યું છે. સ્થિર રોજગારથી મળતી આ સ્થિર આવકે પરંપરાગત કૃષિ આવકથી આગળ વધીને અનેક ગ્રામીણ લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે.

કરસનભાઈ સમાજમાંથી કમાયેલું સમાજને પાછું આપવામાં માનતા હતા. આ જ વિચારધારા સાથે તેમણે નિરમા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનની શરૂઆત કરી, જેમાંથી અમદાવાદની પ્રખ્યાત નિરમા યુનિવર્સિટી અને નિરમા વિદ્યાવિહારની રચના થઈ. આજે, નિરમા યુનિવર્સિટી એક પ્રખ્યાત શૈક્ષણિક સંસ્થા છે, જે ટેક્નોલોજી, મેનેજમેન્ટ, કાયદો, આર્કિટેક્ચર, ડિઝાઈન અને ફાર્મસી જેવા ક્ષેત્રોમાં ડિગ્રીઓ પ્રદાન કરે છે.

સ્થાનિક સ્તરે આવી વૈશ્વિક કક્ષાની યુનિવર્સિટી બનાવીને કરસનભાઈએ સુનિશ્ચિત કર્યું કે દેશના યુવાનોને ઘરઆંગણે જ ઉચ્ચ સ્તરનું શિક્ષણ મળી રહે. કરસનભાઈ પટેલની સફળતાની આ ગાથા સાબિત કરે છે કે નાના ગામડાનો એક સરળ વિચાર મોટો વિકાસ સાધી શકે છે અને વિશ્વની સૌથી મોટી કંપનીઓ સાથે સ્પર્ધા કરી શકે છે. ઓછી કિંમતે ગુણવત્તાયુક્ત ઉત્પાદનો અને પ્રાદેશિક વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાએ ગુજરાતના અર્થતંત્ર અને સંસ્કૃતિ પર નિઃશંકપણે એક સકારાત્મક છાપ છોડી છે.

ઉદ્યોગપતિ અને શિક્ષણક્ષેત્રે સ્વપ્નદ્રષ્ટા એવા કરસનભાઈ પટેલને ઉદ્યોગક્ષેત્રે તેમની પ્રશંસનીય કામગીરી માટે અનેક એવોર્ડ્સ અને માન્યતાઓ મળ્યા છે. તેમને ૧૯૯૦માં ઉદ્યોગ રત્ન એવોર્ડ, ૧૯૯૮માં ગુજરાત બિઝનેસમેન એવોર્ડ, ૨૦૦૬માં અર્ન્સ્ટ એન્ડ યંગ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ, ૨૦૦૯માં સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ, ૨૦૦૯માં બરોડા સન લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ, ૨૦૧૦માં પદ્મશ્રી એવોર્ડ તેમજ કેમટેક એવોર્ડ ઑફ હૉલ ઑફ ફેમ, વગેરેથી નવાજવામાં આવ્યા છે.

૨૦૦૧માં અમેરિકાની ફ્લોરિડા એટલાન્ટિક યુનિવર્સિટીએ તેમને તેમની પરોપકારી પ્રવૃત્તિઓ તેમજ વ્યવસાય અને માર્કેટિંગ કુશળતા માટે ડૉક્ટરેટ ઑફ હ્યુમેનિટિઝની પદવી એનાયત કરી. ૨૦૦૭માં ઈન્દોરના દેવી અહિલ્યા વિશ્વવિદ્યાલયે તેમને ડૉક્ટર ઑફ લેટર્સ (ડી. લિટ.) ની પદવી એનાયત કરી.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા ખાતે યોજાનારી આગામી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ઉત્તર ગુજરાત ક્ષેત્રના અસાધારણ પ્રતિભાયુક્ત ઉદ્યોગસાહસિકો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ કાર્યક્રમ ઉભરતા અને સ્થાપિત ઉદ્યોગસાહસિકો બંને માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે. શ્રી કરસનભાઈ પટેલ જેવા ઉદ્યોગસાહસિકોની સાફલ્યગાથાને હાઈલાઈટ કરીને આ કોન્ફરન્સ સ્થાનિક સફળતાથી વૈશ્વિક સ્તરે વ્યવસાયોને વિકસિત કરવા માટે અમૂલ્ય પ્રેરણા અને સફળતાની બ્લૂપ્રિન્ટ પ્રદાન કરે છે.

અલવર જિલ્લાના માલિયાર જટ્ટ ગામમાં હૃદયદ્રાવક ઘટના

## વિસ્થાપન સમયે વળતર તરીકે આપેલા ૧૦ લાખ આગમાં બળીને રાખ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અલવર

રાજસ્થાનના અલવર જિલ્લાના માલિયાર જટ્ટ ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં અચાનક લાગેલી આગમાં એક ખેડૂતનો આખો પરિવાર મોટી દુર્ઘટનામાંથી બચી ગયો હતો, પરંતુ ખેડૂતે સરિસ્કા વિસ્થાપન પેટે મળેલા ૧૦ લાખ રૂપિયા રોકડા સહિત ઘરનો તમામ સામાન ગુમાવી દીધો હતો.

સરિસ્કા ટાઈગર રિઝર્વમાંથી વિસ્થાપિત થયેલા ૪૦ વર્ષીય ખેડૂત બનવારી નાથની માટીની ઝૂંપડીમાં અચાનક આગ લાગી હતી.

ઘટના સમયે બનવારી નાથ આંગણામાં સૂતા હતા, જ્યારે તેમની પત્ની, પુત્રવધૂ અને નાના બાળકો ઝૂંપડીમાં હતા. બાળકોની ચીસો સાંભળીને બનવારી નાથ તરત જ જાગી ગયા અને સમગ્ર પરિવારને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો. સદભાગ્યે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, આગ એટલી વિકરાળ હતી કે ઘરનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

સૌથી મોટું નુકસાન રોકડ રકમનું થયું હતું. સરકારે બનવારી નાથને વિસ્થાપન સમયે વળતર તરીકે આપેલા ૧૦ લાખ રૂપિયા રોકડા ઘરમાં રાખ્યા હતા, જે આગમાં બળીને રાખ થઈ ગયા હતા. જે પૈસાથી તેઓ પોતાનું ભવિષ્ય સુરક્ષિત કરવાની આશા રાખતા હતા તે થોડીવારમાં જ નાશ પામ્યા.

સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું કે, બનવારી નાથનો પરિવાર સરિસ્કા ટાઈગર રિઝર્વ વિસ્તારમાંથી વિસ્થાપિત થયેલા આશરે ૧૦૦ પરિવારોમાંથી એક છે. આ ઘટના બાદ આ પરિવાર હવે ખુલ્લા આકાશ નીચે રહેવા માટે મજબૂર છે.

આગની જાણ થતાં જ વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું. તિજારાના એસડીએમ સંજીવ કુમારે જણાવ્યું કે, આગના સમાચાર મળતા જ તહસીલદાર અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. નુકસાનનું મૂલ્યાંકન કરવા અને તાત્કાલિક રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે, જેથી અસરગ્રસ્ત પરિવારોને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ફંડમાંથી સહાય મળી શકે. એસડીએમએ એ પણ ખાતરી આપી કે નિયમ મુજબ બળી ગયેલી નોટોની બદલી કરવા માટે પ્રયાસો કરવામાં આવશે. તેમણે સ્થાનિક રહેવાસીઓને અસરગ્રસ્ત પરિવારને આર્થિક મદદ કરવા પણ અપીલ કરી છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

## અમદાવાદના પાલડીમાં આવેલી ચિલ્ડ્રન હોસ્પિટલમાં આગ લાગતા દોડધામ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં વધુ એક આગની ઘટના સામે આવી છે. પાલડી વિસ્તારમાં આવેલી એક હોસ્પિટલમાં આગ લાગી હતી. રવિવારે બપોરના સમયે ચિલ્ડ્રન હોસ્પિટલમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. ઘટનાને પગલે ૧૩ બાળકોને અન્ય હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. શહેરના પાલડી વિસ્તારમાં આવેલી નવજાત શિશુ અને બાળરોગ નિષ્ણાત 'વૃંદાવન ચિલ્ડ્રન હોસ્પિટલ'માં આગ લાગી હતી. અચાનક લાગ લાગતાં હોસ્પિટલમાં હાજર લોકો વચ્ચે દોડધામ મચી જવા પામી હતી.

આગ લાગતા ધુમાડાના ગોટેગોટા દેખાયા હતા. જ્યારે ઘટનાની ગંભીરતાને જોતાં હોસ્પિટલમાંથી ૧૩ બાળકોને અન્ય હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આગ વધુ પ્રસરતા ફાયરની ટીમને જાણ કરવામાં આવી હતી. જ્યારે ફાયરની ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. હોસ્પિટલમાં આગ કયા કારણસર લાગી હતી, તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. ફાયરની ટીમ દ્વારા આગ પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે.

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### વેપારીની ધરપકડ કરવામાં આવી

# મોરવાહડફના સાગવાડામાં લાયસન્સ વગર સંગ્રહ કરેલો ફટાકડાનો જથ્થો ઝડપાયો

### સાગવાડા ગામેથી લાયસન્સ વગર ગેરકાયદે સંગ્રહ કરાયેલો રૂ.૪.૩૭ લાખની કિંમતનો ફટાકડાનો જથ્થો SOGએ ઝડપી પાડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરવાહડફ

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને પંચમહાલ પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે ફટાકડાનું વેચાણ અને સંગ્રહ કરનારાઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન મોરવાહડફ તાલુકાના સાગવાડા ગામેથી લાયસન્સ વગર ગેરકાયદે સંગ્રહ કરાયેલો રૂપિયા ૪.૩૭ લાખની કિંમતનો ફટાકડાનો જથ્થો પંચમહાલ SOGએ ઝડપી પાડ્યો છે. સમગ્ર મામલે પોલીસે આરોપી વેપારીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દિવાળીના તહેવારની હવે થોડા દિવસની વાર છે, ત્યારે પંચમહાલના મોરવાહડફમાં ગેરકાયદે ફટાકડાનો સંગ્રહ કરનાર સાગવાડા ગામે આવેલા ઉમરદેવી ફળીયામાં રહેતા ગણપત રૂપાભાઈ રાવત નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આરોપીએ પોતાના રહેણાંકના મકાનમાં કોઈપણ પ્રકારના પરવાના કે લાયસન્સ વગર ગેરકાયદે રીતે ફટાકડાનો સંગ્રહ કરીને વેચાણ કરતો હોવાની પંચમહાલ SOGને બાતમી મળી હતી.

આ પછી પોલીસે આોપીના મકાનમાં તપાસ હાથ ધરતા ઓસરીમાંથી ફાયર સેફ્ટીના સાધનો કે વોટર સ્પ્રીનકલની કોઈપણ વ્યવસ્થા રાખ્યા વગર જોખમી રીતે લાયસન્સ વગર સુતળી બૉમ્બના બોક્સનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા ૪,૩૭,૪૦૦ની કિંમતનો ૩૬૪૫ નંગ સુતળી બૉમ્બના બોક્સનો જથ્થો જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માંગરોળમાં માથાભારે ઈસમોના દબાણો પર ફરી વળ્યું બુલડોઝર

(સંપૂર્ણ સમાચાર સેવા)માંગરોળ

ગુજરાતમાં ફરી એક વાર દાદાનું બુલડોઝર ફર્યું છે.સુરતમાં માંગરોળમાં માથાભારે ઈસમોના દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યુ છે. ઝંખવાવમાં સરકારી જમીન પર કરાયેલા દબાણોનું ડિમોલિશન કરવામાં આવ્યું છે. ૧૨ જેટલા માથાભારે શખ્સોએ સરકારી જમીન પર દબાણ કર્યું છે. જેમાં ૮ જેટલા લોકો પર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલા છે.

સુરતમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાંત અધિકારી, મામલતદાર, જિલ્લા પોલીસ વડા પણ હાજર રહ્યાં હતા. અનિચ્છનિય બનાવ ન બને તે માટે ૪૦૦ જેટલા પોલીસકર્મી તૈનાત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે માંગરોળમાં માથાભારે ઈસમોના દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું છે. મળતી માહિતી અનુસાર ૧૨ જેટલા માથાભારે શખ્સોએ સરકારી જમીન પર દબાણ કર્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આ મિલકતોના માલિકો કોઈને કોઈ અલગ અલગ ગુનાઓમાં સંડોવાયેલા હતા. આ કાર્યવાહીથી અન્ય આરોપીઓમાં પણ ફફડાટ જોવા મળ્યો છે. પોલીસે સ્પષ્ટતા કરી છે કે ગુનામાં સંડોવાયેલા લોકોની મિલકતો તોડવામાં આવી છે. આ કાર્યવાહી કરતા પહેલા આરોપીઓના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી અને અગાઉ પણ આ લોકોને નોટિસ આપવામાં આવી હતી. આ કાર્યવાહીનો ઉદ્દેશ્ય ગુનાહિત તત્વોને કાયદાનું પાલન કરાવવા અને સુરતમાં શાંતિ જાળવવાનો છે.

### ભીષણ અકસ્માતમાં ૪ લોકોના મોતની આશંકા

# રાધનપુર-કંડલા હાઈવે પર પાંચ વાહનો અથડાયા

### ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સવારે અલગ—અલગ સ્થળોએ બનેલા માર્ગ અકસ્માતોએ હાહાકાર મચાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાધનપુર

ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આજે સવારે અલગ—અલગ સ્થળોએ બનેલા માર્ગ અકસ્માતોએ હાહાકાર મચાવી દીધો છે. રાધનપુર, સુરત અને અમદાવાદના રસ્તાઓ પર બનેલા અકસ્માતોમાં ચારથી વધુ લોકોના મોત અને અનેક ઈજાઓની માહિતી મળી રહી છે. રાધનપુર-કંડલા હાઈવે પર મોટીપીપળી નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો છે, જેમાં એક સાથે પાંચ વાહનો અથડાયા હતા. આ ગંભીર અકસ્માતમાં ચારથી વધુ લોકોના મોતની આશંકા છે, જ્યારે સાતથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતમાં સામેલ વાહનોમાં ટ્રેલર, બાઈક, જીપ અને પીકઅપ વાનનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે રાધનપુર રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માત અંગે સામે આવેલી વિગતો અનુસાર ૧ ટ્રેલર, ૨ બાઈક, ૧ જીપ અને ૧ બોલેરો પિકઅપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. તમને જણાવી દઈએ કે, રાધનપુરના મોટી પીપળી નજીક આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની જાણ થતા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. હાલ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. અકસ્માતની ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. જો કે, આ અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે કોઈ માહિતી સામે આવી નથી. પોલીસ તપાસ બાદ સામે માહિતી સામે આવશે. સુરતના ઉધના વિસ્તારમાં વહેલી સવારે એક મોટી ઘટના બની હતી. અહીં બેફામ કન્ટેઈનરે અકસ્માત સર્જી રોકડિયા હનુમાન મંદિરમાં ઘૂસી ગયું હતું. પ્રાથમિક માહિતી મુજબ, કન્ટેઈનરના ચાલકને ઝોકું આવી જવાના કારણે આ અકસ્માત થયો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ મંદિરને વ્યાપક નુકસાન થયું છે. ઉધના પોલીસે ઘટના બાદ કન્ટેઈનર ચાલકની અટકાયત કરી છે. ત્રીજા અકસ્માત અંગે વાત કરીએ તો, અમદાવાદના ધોલેરા હાઈવે પર હેબતપુર ગામ નજીક બે બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો. બે બસ અથડાયા બાદ એક ખાનગી લક્ઝરી બસ પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ખાનગી બસમાં સવાર આઠ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં ઈજાગ્રસ્ત આઠ પૈકી ત્રણ લોકોની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

# પાણી કરતા પાતળો થઈને ચાલુ છુ એટલે સત્તાનો અહમ કે નશો ચડશે નહી : પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપના રાજકારણમાં એક નવા અધ્યયનો પ્રારંભ થયો છે. જગદીશ વિશ્વકર્માએ વિદાયમાન અધ્યક્ષ સીઆર પાટીલ પાસેથી પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી લીધી છે. ગઈ કાલે શનિવારે કોબા સ્થિત કમલમ ખાતે યોજાયેલા પદગ્રહણ સમારોહમાં તેમણે સૌ કાર્યકર્તાઓને સાથે લઈને ટીમ ગુજરાત ભાજપ થકી જનતાની સેવામાં તનતોડ પ્રયાસ કરવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

નવા પ્રદેશ અધ્યક્ષે પોતાનુ સંબોધન શરૂ કરતા જ સ્પષ્ટ કહી દીધુ કે આ પ્રદેશ અધ્યક્ષની જવાબદારી મારી એકલાની નથી, પરંતુ ભાજપના તમામ કાર્યકર્તાઓની છે, તેમણે સૌ કાર્યકર્તાઓના સાથ સહકાર થી આગળ વધવાની વાત પર ભાર મુકયો હતો. પદગ્રહણ સમારોહના આરંભે ગુજરાત પ્રભારી અને કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવ દ્વારા વિશ્વકર્માની બિનહરીફ વરણી થયાનુ ઔપચારીક રીતે જાહેર કરવામાં આવ્યુ હતું. કમલમમાં સેંકડો કાર્યકરોની પ્રથમ સભાને સંબોધતા જગદીશ વિશ્વકર્માએ સંગઠનમાં સમાનતાનો સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે બુથનો પ્રમુખ હોય કે જિલ્લાનો અધ્યક્ષ આ બેઉ મારા માટે સરખા રહેશે. સંબોધન વેળા એક તબકકે તેઓ ભાવુક થયા હતા અને જીવનના સુત્રને યાદ કર્યુ હતુ, તેમણે કહ્યુ હતુ કે મારા બા હંમેશા કહેતા કે પાણી કરતા પાતળા થઈને ચાલીએ એ શબ્દો મે મારી જીંદગીમાં ઉતાર્યા છે. એટલે સત્તાનો અહમ કે સત્તાનો નશો ચડશે નહી. આ નમ્રતા સાથેની કામગીરીની તેમની નીતિ દર્શાવે છે. પદગ્રહણ પૂર્વે તેમણે પૂર્વ કાળના અધ્યક્ષો સ્વ કેશુભાઈ પટેલ, સ્વ મકરંદ દેસાઈ, ડો. એ કે પટેલ, શંકરસિંહ વાઘેલાથી લઈને સીઆર પાટીલ સહિત તમામનો નામોલ્લેખ કરીને વંદન કર્યા હતા.

નવનિયુકત અધ્યક્ષને અભિનંદન આપતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટેકનોલોજી પરના ભારને યાદ કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે ટેકનોલોજીના ઉપયોગ દ્વારા જે વિશ્વના દેશો સાથે કદમ થી કદમ મીલાવી શકાય છે. મુખ્યમંત્રીએ સીઆર પાટીલના ટેકનોલોજીના સફળ ઉપયોગની પ્રશંસા કરતા કહ્યુ હતુ કે આપણા નવા અધ્યક્ષ પણ ટેકનોસેવી છે. તેનો વધુ સારી રીતે ઉપયોગ કરી સારા પરીણામ મેળવી શકીશુ, આ સાથે જ તેમણે જગદીશ વિશ્વકર્માએ સાકર-નારીયેરનો પડો આપીને નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પદગ્રહણ સમારોહ ગુજરાત ભાજપમાં સંગઠનાત્મક જોશ અને નમ્રતાપુર્ણ નેતૃત્વના આદર્શ સાથે આગળ વધવાનો સંકેત આપે છે.

# વડોદરામાં વકીલે ઓફીસમાં જ કામ કરતી યુવતિ પર વારંવાર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરૂધ્ધનુ કૃત્ય આચર્યુ



પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરાના સુભાનપુરા વિસ્તારમાંથી એક ખળભળાટ મચાવતી ઘટના બહાર આવી છે, એક પ્રતિષ્ઠિત વકીલ પોતાની જ ઓફીસમાં કામ કરતી યુવતિ પર વારંવાર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યો આચર્યાનો આરોપ લાગ્યો છે. આ કેસમાં આરોપી વકીલ કૃણાલ પરમારે પીડીતા યુવતિની મજબુરીઓનો લાભ લઈ તેનુ શારીરીક અને માનસિક શોષણ કરી બધી હદો પાર કરી નાખી જેમાં અંગત પળો નો ફોટો અને વિડીયો બનાવી તેને વાઈરલ કરવાની ધમકી આપીને વારંવાર અપરાધ કર્યા,

ગઈ કાલે ગોરવા પોલીસ મથકે પીડીતાની ફરીયાદ પર આરોપીને ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના ન માત્ર વ્યકિતગત શોષણની છે પરંતુ મહિલાઓની સુરક્ષા અને કાર્યસ્થળ પરના જોખમોના મુદ્દા પર પણ પ્રશ્નો ઉભા કરે છે. ન્યાય અપાવતો વકીલ જ આવા હલકા અને અપરાધીક કૃત્યો આચરે તો ન્યાયની આશા લોકો કોની પાસે રાખે ? પીડીતા યુવતિ જે નર્સિંગમાં ઉચ્ચ શિક્ષણ ધરાવે છે . વર્ક ફ્રોમ હોમ ના કારણે આર્થિક મજબુરીનો સામનો કરી રહી હતી. તેના વતનથી વડોદરા દુર હોવાથી તેણે તેના મિત્રને તેની આર્થિક સ્થિતિ વિશે વાત કરી હતી. મિત્રએ તેની મદદ કરવા માટે પોતાના મિત્ર (જે આરોપી વકીલ કૃણાલ પરમાર સાથે જાણીતા હતા ) દ્વારા વાત કરી, અને ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૫ માં યુવતિને સુભાનપુરા સ્થિત વકીલની ઓફીસમાં નોકરી મળી, આરોપી વકીલે તેને માસિક વેતન આપીને કામ પર રાખી હતી. જેનાથી શરૂઆતમાં યુવતિને રાહત મળી.

પરંતુ આ નોકરી યુવતિ માટે કાળાના કલાવાદની જેમ સાબિત થઈ, ઓફીસમાં જોડાયા પછી જ થોડા દિવસોમાં આરોપી વકીલે તેની મજબુરીઓનો લાભ લઈ શારીરીક શોષણ શરૂ કર્યુ, પ્રથમ તો દુષ્કર્મ ના અપરાધો સાથે જોડાયેલા સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યો આચર્યા અને તેની સાથે જ તેના ફોનથી અંગત પળોના ફોટો અને વિડીયો રેકોર્ડીગ કરી લીધા, આ વિડીયો અને ફોટોને વાઈરલ કરવાની ધમકી આપીને આરોપીએ યુવતિને વારંવાર પોતાની હાવી રાખી, આવી ધમકીઓથી ભીત અને નિર્ભય યુવતિ પોતાની નોકરી છોડી શકતી ન હતી, કારણ કે તેની આર્થિક સ્થિતિ અને સામાજિક કલંકનો ભય તેને વારંવાર ચુપ રહેવા મજબુર કરતો હતો. આ શોષણ ફેબ્રુઆરીથી લઈ જુલાઈ ૨૦૨૫ સુધી ચાલુ રહ્યુ, આરોપી વકીલની વારંવારની માંગણીઓથી કંટાળી ગયેલી યુવતિએ અનેક પ્રયત્નો કર્યા, પરંતુ ડરના કારણે કોઈને કંઈ જણાવ્યુ નહી, આરોપીની ધમકીઓની અસર એટલી ગંભીર હતી કે તેણે તેના મિત્રને પણ આ વિડીયો અને ફોટો મોકલી દીધા. જેનાથી પીડીતાની ગુપ્તતા અને માનસિક તણાવ વધુ વધ્યો, આ બધુ જાણીને પણ મિત્રએ તાત્કાલીક પગલા નથી લીધા, જે આ કેસમાં વધુ જટીલતા ઉમેરે છે.

જુલાઈમાં નોકરી છોડયા બાદ પણ આરોપીની ધમકીઓ બંધ થઈ નહી, વારંવાર શોષણથી માનસિક રીતે તોડાયેલી યુવતિએ આખરે તેના પરીવારજનોને આ બધી બાબતો જણાવી, પરીવારજનોએ તેને હિંમત આપી અને તાત્કાલીક ફરીયાદ કરવા પ્રોત્સાહિત કર્યા જેને લઈ ૪ ઓકટોબર ૨૦૨૫ ના રોજ વડોદરાના ગોરવા પોલીસ મથકે પીડીતા દ્વારા વિગતવાર ફરીયાદ નોંધવામાં આવી. ફરીયાદમાં દુષ્કર્મ (આઈપીસી ૩૭૬), સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યો (આઈપીસી ૩૭૭), બ્લેકમેઈલીંગ (આઈપીસી ૫૦૬) તેમજ આઈટીએકટ હેઠળના કલમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પોલીસે ફરીયાદ મળતા જ ગણતરીના કલાકોમાં આરોપી વકીલ કૃણાલ પરમારની ધરપકડ કરી લીધી હતી. આરોપી સુભાનપુરા વિસ્તારમાં પોતાની ઓફીસ ચલાવે છે અને વકીલ તરીકે જાણીતો છે. જે આ કેસને વધુ સંવેદનશીલ બનાવે છે. પોલીસ તપાસમાં ઈલેકટ્રોનીક પુરાવાઓ જેમ કે મોબાઈલ ફોન, વોટસએપ મેસેજ, વિડીયો અને ફોટો એકત્રિત કરવામાં આવી રહ્યા છે. આરોપીને અટકાયતમાં લઈને વધુ પુછપરછ કરવામાં આવી રહી છે અને તપાસમાં અન્ય સંભવિત પીડીતાઓની માહિતી પણ મેળવવામાં આવી રહી છે.

આ કેસ અંગે વડોદરાના એસપી આર ડી કવાયે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ગઈ કાલે ગોરવા પોલીસ મથકમાં દુષ્કર્મની ફરીયાદ નોંધાઈ હતી. ભોગ બનનાર યુવતિ નર્સિંગનુ ભણેલી છે અને વર્ક ફ્રોમ હોમ કરતી હતી. તેને તેના વતન જવાનુ દુર પડતા તેણે મિત્રને વાત કરી અને મિત્રના મિત્રે આરોપી સાથે વાત કરી તેની ઓફીસમાં જોબ અપાવી હતી. ત્યારબાદ તે માસિક વેતન આપીને કામ કરતી હતી. દરમિયાન આરોપીએ યુવતિ સાથે અવાર નવાર દુષ્કર્મ આચર્યુ અને સૃષ્ટિ વિરૂધ્ધનુ કૃત્ય પણ કર્યુ , આ ઘટનામાં ઈલેકટ્રોનીક પુરાવા પણ એકત્રિત કરવામાં આવી રહ્યા છે.

આ કેસ વડોદરા જેવા શહેરી વિસ્તારમાં કાર્યસ્થળ પર મહિલાઓની સુરક્ષાના મુદ્દાને ફરીથી ઉજાગર કરે છે. આરોપી વકીલ હોવાથી આ કેસ કાનુની વ્યવસાયમાં આચાર નીતીના પ્રશ્નો પણ ઉભા કરે છે. ગુજરાતમાં તાજેતરના વરસોમાં મહિલા શોષણના કેસોમાં વધારો જોવા મળ્યો છે અને આવા કેસોમાં ડીઝીટલ પુરાવાઓની ભુમિકા વધુ મહત્વપૂર્ણ બની છે. પીડીતા જેવી યુવતિઓ માટે આર્થિક મજબુરીઓ અને સામાજિક કલંકનો ભય મોટ અડચણ બને છે જે તેમને ચુપ રહેવા મજબુર કરે છે.

# બનાસકાંઠા જિલ્લાના થરામાં જગદીશ ઠાકોરનો હુંકાર :પોલીસના દંડા ખાવા તૈયાર રહેજો




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના ઓગડ તાલુકાના થરા ખાતે કોંગ્રેસ દ્વારા જન આક્રોશ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ સભામાં કોંગ્રેસના નેતાઓ જગદીશ ઠાકોર અને ગેનીબેન ઠાકોરે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને સ્થાનિક મુદ્દાઓ તેમજ ભ્રષ્ટાચારને લઈને સરકારને ઘેરી હતી.

કોંગ્રેસના નેતા જગદીશ ઠાકોરે પોતાના સંબોધનમાં આક્રમણ વલણ સાથે બનાસકાંઠાના ધારાસભ્યને જણાવ્યુ હતુ કે હું અહીંથી ધારાસભ્યોને કહુ છું કે પોલીસના દંડા ખાવા તૈયાર રહેજો, તેમણે જિલ્લામાં વારંવાર થયેલા વરસાદ અને તેનાથી થયેલા નુકશાન અંગે સરકારની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે બનાસકાંઠામાં ચોથી વખત વરસાદે રહાતાળ વાળ્યુ છે અને દરેક વખતે મોટુ નુકશાન થયુ છે. વળતરના મુદ્દે તેમણે સરકાર પર આક્રોશ વ્યકત કરતા કહ્યુ હતુ કે ભાજપ કહે છે કે સરકારે બહુ આપ્યુ છે, શું તમને વળતર મળ્યુ છે ખરૂ ? તેમણે લોકોને આહવાન કર્યુ કે જે ગામમાં નુકશાનનુ પુરૂ વળતર ન મળ્યુ હોય ત્યાં ભાજપનો પ્રવેશ બંધ કરી દો, ઘુસવા ન દો તેમને, ચુંટણીલક્ષી નિવેદનમાં તેમણે કહ્યુ કે નહી તો ચુંટણી આવવા દો, અહીં રાજસ્થાન નજીક છે. તેઓ કન્ટેનર ભરીને અહીં લાલ લીલુ પાણી વેચશે, પણ બહેનો તમે ધોકા તૈયાર રાખજો. આ સાથે જ તેમણે ભાજપ પર વોટ ચોરીના કારણે જીત મેળવવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે તમારા ભાગની નોકરીઓ અને પૈસો ભાજપ લઈ જાય છે. એટલે હવે ચુંટણી આવે એટલે એને જાકારો આપવાની તમારી જવાબદારી છે.

ઓગડ તાલુકાના થરામાં યોજાયેલી આ સભામાં સંસદસભ્ય ગેનીબેન ઠાકોરે પણ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જમીન માપણીના મુદ્દે સરકારને આડે હાથ લીધી હતી. તેમણે કહ્યુ હતુ કે અંગ્રેજોએ પણ જમીનની માપણી કરી હતી. તો પણ એક ઈંચ આઘાપાછી થઈ ન હતી. પણ ભાજપની સરકારમાં એમના અધિકારીઓએ કરેલી જમીન માંપણીમાં તમામ જમીનો આઘા પાછી કરી નાખી, તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે ભાઈઓએ પોતાની જમીન પાછી લેવી હોય તો પણ અધિકારીઓને પૈસા આપવા મજબુર બનવુ પડી રહ્યુ છે. અતિવૃષ્ટીના વળતર અંગે તેમણે જણાવ્યુ હતુ કે આ વિસ્તારમાં અતિવૃષ્ટી થઈ, ખેડુતોને મોટુ નુકશાન થયુ છતાં પણ હજુ વળતર નથી આપ્યુ, જો સરકાર વળતર નહી આપે તો અમે ખેડુતો સાથે હાઈકોર્ટમાં જઈશુ. અંતમાં તેમણે ભાજપને ભ્રષ્ટાચારની પાર્ટી ગણાવતા કહ્યુ હતુ કે રાજયમાં ભ્રષ્ટાચાર સિવાય કસુ જ નથી. લોકો પીસાઈ રહ્યા છે. ત્યારે જનઆક્રોશ સભા કોંગ્રેસને કરવી પડે છે. કોંગ્રેસની આ જનઆક્રોશ સભા દ્વારા બનાસકાંઠા જિલ્લાના સ્થાનિક પ્રશ્નો , ખાસ કરીને ખેડુતોના વળતર અને ભ્રષ્ટાચારના મુદ્દે ભાજપ સરકારને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.




# અમદાવાદમાં ૯ હજાર વિદ્યાર્થી પતરાવાળી સ્કુલમાં ભણવા મજબુર: કન્યા કેળવણી પ્રવેશોત્સવ કરતી સરકાર વિદ્યાર્થીઓના ભાવી વિશે વિચારશે ખરા?

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અમદાવાદના વિવિધ વોર્ડ વિસ્તારમાં મ્યુનિસીપલ સ્કુલ બોર્ડ સંચાલિત ૩૨ પતરાવાળી શાળાઓ આવેલી છે. આ શાળાઓ તોડી પાડી નવી શાળા બનાવવા રાજય સરકાર ગ્રાન્ટ આપશે. મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા નવી શાળાઓ બનાવવા ટુંક સમયમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. મ્યુનિસીપલ બોર્ડને પતરાવાળી સ્કુલને તોડી નવી સ્કુલ બનાવવાનુ હવે યાદ આવ્યુ, અમદાવાદ ઉત્તર ઝોન ઉપરાંત મધ્ય અને પૂર્વ અને દક્ષિણ ઉપરાંત દક્ષિણ-પશ્ચિમ, પશ્ચિમ એમ કુલ ૬ ઝોનમાં નગર પ્રાથમિક શિક્ષણ સંચાલિત ૩૨ પતરાવાળી શાળાઓ આવેલી છે, આ શાળાઓના ૧૭૯ ઓરડાઓમાં ૯૭૫૩ બાળકો અભ્યાસ કરે છે. સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહ્યુ કે ૩૨ પૈકી ૬ શાળા ભાડાની જગ્યામાં ચલાવાઈ રહી છે, આ તમામ શાળાઓ તોડી નવી શાળાઓ બનાવવા રાજય સરકાર તરફથી મંજુરી મળી ગઈ છે. ટેન્ડર પ્રક્રિયા બાદ તબક્કાવાર શાળાનુ બાંધકામ શરૂ કરાશે. ઝોન પ્રમાણે પતરાવાળી શાળાઓ જોઈએ તો (૧) ઉત્તર ઝોન શાળાની સંખ્યા ૧૪ , દક્ષિણ ઝોન શાળાની સંખ્યા ૧, પૂર્વ ઝોન શાળાની સંખ્યા ૮, મધ્ય ઝોન શાળાની સંખ્યા ૬, દક્ષિણ પશ્ચિમ ઝોન શાળાની સંખ્યા ૨, પશ્ચિમ ઝોન શાળાની સંખ્યા ૧.

# પાટણ જિલ્લાના રાધનપુર નજીક ટ્રક અને બે મોટર સાઈકલ વચ્ચે ટક્કર : ૪ લોકોના મોત: ૧૫ ઘાયલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાના રાધનપુર નજીક આજે રવિવારે એક પીકઅપ વાન ટ્રક અને બે મોટર સાઈકલ સાથે અથડાતા ૪ લોકોના મોત અને ૧૫ અન્ય ઘાયલ થયા હોવાનુ પોલીસ અધિકારીએ જણાવ્યુ હતું.

પોલીસ અધિક્ષક વસંત નાયીએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે મોતીપીપળી ગામ નજીક રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આજે રવિવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. એસપીએ વધુમાં જણાવ્યુ હતુ કે લગભગ ૧૫ મુસાફરોને લઈને જતી એક પીકઅપ વાન બીજા વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે એક સાથે ટ્રક સાથે અથળાઈ હતી. અકસ્માત સ્થળે રોડ બાંધકામના કારણે રસ્તાની એક બાજુ ટ્રાફીક જામ થઈ ગયો હતો. ત્યારબાદ વાન બે મોટર સાઈકલ સાથે અથડાઈ હતી. જેમાં બબ્બે લોકો સવાર હતા. વધુમાં તેમણે કહ્યુ હતુ કે મૃતકોમાં વાનમાં બે મુસાફરો અને બે મોટર સાઈકલ સવારનો સમાવેશ થાય છે. ૧૫ લોકો ઘાયલ થયા છે. જેમાંથી બે ની હાલત ગંભીર છે, ઘાયલ તમામને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાધનપુર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યુ હતુ કે મૃતકોની ઓળખ લક્ષ્મણ દેસાઈ, યશ ઉંચોસન કનુ રાવલ, અને નસીબખાન તરીકે થઈ છે,

રાધનપુર પીઆઈ આર કે પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે એક ટ્રેલર રાધનપુર થી વારાહી બાજુ જઈ રહી હતી અને સામે એક બોલેરો પીકઅપ કે જેમાં ૧૦ થી ૧૨ લોકો સવાર હતા. તેમજ બે બાઈકમાં ૪ લોકો સવાર હતા. આ તમામ વાહનો વચ્ચે અકસ્માત થયો હતો.

હાલ પ્રાથમિક તપાસમાં એવુ બહાર આવ્યુ છે કે બોલેરો પીકઅપ અને ટ્રેલર વચ્ચે સૌ પ્રથમ ટકકર થઈ હતી. ત્યારબાદ અન્ય વાહનો અથડાયા હતા.

# સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં હુડાના નોટીફીકેશન સામે ૧૧ ગામના ગ્રામજનોએ યોજયુ બેસણું : મહિલાઓએ લીધા છાજીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં હુડાનો ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. હિંમતનગર આજુબાજુના ૧૧ જેટલા ગામોના ખેડુતો અને ગ્રામજનો છેલ્લા એક મહિનાથી વિકાસ યોજનાનો વિરોધ કરી રહ્યા છે. તેમનો આક્ષેપ છે કે હુડાના કારણે તેમની ખેતીની જમીનો કપાતમાં જશે અને તેઓ પાયમાલ થઈ જશે. આજે રવિવારે ખેડુતોએ હુડાનુ બેસણું યોજયુ હતું. આ બેસણાંમાં મોટી સંખ્યામાં ખેડુતો જોડાયા હતા.

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર તાલુકાના બેરણા ગામમાં આજે રવિવારે સવારે હુડાના વિરોધમાં અનોખો કાર્યક્રમ યોજાયો હતો. થોડા દિવસ અગાઉ ખેડુતોએ હુડાનુ પુતળાદહન કર્યુ હતું અને આજે રવિવારે મોટી સંખ્યામાં ૧૧ ગામના લોકોએ ભેગા મળીને હુડાનુ બેસણું કર્યુ હતું. મહિલાઓ દ્વારા હુડાના છાજીયા લેવામાં આવ્યા હતા. ખેડુતો સરકારની વિકાસ યોજનાને પોતાની જીંદગીનો અંત માની રહ્યા હોય તેવા પ્રકારની આ ઘટના છે. ખેડુતોનો મુખ્ય વિરોધ એ છે કે આ યોજનાના અમલથી તેમની ખેતી લાયક જમીનનો મોટો હિસ્સો કપાતમાં જઈ રહ્યો છે. ખેડુતોના મતે આ પાયમાલ કરતો વિકાસ છે, જે તેમને સ્વીકાર્ય નથી. હુડાનુ નોટીફીકેશન બહાર પડયુ ત્યારથી જ વિરોધ શરૂ થયો છે અને છેલ્લા એક મહિનાથી સતત અલગ અલગ કાર્યક્રમો દ્વારા સરકારનુ ધ્યાન દોરવામાં આવી રહ્યુ છે. જો કે ખેડુતોનો આક્રોશ એ વાતને લઈને છે કે વારંવાર રજુઆતો કરવા છતાં સ્થાનિક નેતાગીરી કે રાજય સરકાર તરફથી આ મામલે કોઈપણ પ્રકારનો પ્રત્યુત્તર કે વિચારણા કરવામાં આવી નથી. સ્થાનિક નેતાગીરી અને સરકારની નિષ્ક્રિયતાથી રોષે ભરાયેલા ૧૧ ગામના લોકોએ હવે એક નિર્ણાયક પગલુ ભર્યુ છે. ગ્રામજનોએ સર્વસંમંતિથી નકકી કર્યુ છે કે આ અસરગ્રસ્ત ૧૧ જેટલા ગામડાઓમાં હવેથી કોઈપણ રાજકીય પક્ષના નેતાને પ્રવેશ આપવામાં આવશે નહી.

આ ઉપરાંત આ ૧૧ ગામડાઓમાં વસતા રાજકીય પદાધિકારીઓને પણ તેમના હોદ્દા પરથી રાજીનામા આપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આંદોલનને મળેલા વ્યાપક સમર્થનનો પુરાવો એ છે કે આજના બેસણાં કાર્યક્રમમાં તમામ ધર્મના લોકો જોડાયા હતા. જેમાં હિંમતનગર નજીકના મુસ્લીમ ગામડાઓમાં પાણપુર, પરબડા, સવગઢ, સહિત ગામડામાંથી મોટી સંખ્યામાં મુસ્લીમો ઉમટી પડયા હતા.

અગાઉ દશેરાના દિવસે હુડાનુ દહન કરી પરંપરાગત રીતે આજરોજ સર્વ જ્ઞાતિના લોકોએ હિંમતનગરના બેરણા ખાતે બેસણું યોજી મહિલાઓએ છાજીયા સહિત સુત્રોચ્ચાર સાથે હુડાના કાયદા સામે સખત વિરોધ નોંધાવ્યો હતો. હુડાના કાયદા સામે આવનાર દિવસોમાં જલદ આંદોલન સહિત વિરોધના કાર્યક્રમો થકી રાજય સરકાર સહિત નેતાગીરી વિરૂધ્ધ ઉગ્ર વિરોધની રણનીતીઓ ઘડાઈ રહી છે.

# અરવલ્લી જિલ્લાના મોડાસામાં માર મારવાના કેસમાં વકીલે પીએસઆઈ ડાભી સહિત ૪ પોલીસ કર્મીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસામાં પોલીસે વકીલને માર મારતા મામલો બિચકયો હતો. ત્યારબાદ જિલ્લા કોર્ટ ખાતે બાર એસોસીએશને વિરોધ નોંધાવ્યો હતો. વકીલોએ કોર્ટ પરીસરમાં પોલીસ વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. તમામ વકીલો કામકાજ થી અળગા રહ્યા હતા. પોલીસના મારથી ઈજાગ્રસ્ત થયેલા વકીલને સારવાર અર્થે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાના ત્રણ દિવસ બાદ પીડીત વકીલે પોલીસ કર્મીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. મોડાસામાં પોલીસે માર મારવાના કેસમાં વકીલ ગોપાલ ભરવાડે ઘટનાના ત્રણ દિવસ બાદ પીએસઆઈ ડાભી સહિત ૪ પોલીસ કર્મીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. ટાઉન પોલીસે પીએસઆઈ ડાભી સહિત અન્ય પોલીસ કર્મી આરોપી વિરૂધ્ધ ફરીયાદ નોંધી છે. જેમાં માર મારવો, મોબાઈલ ઝુંટવી લેવો અને રાયોટીંગ સહિતની કલમો હેઠળ ફરીયાદ નોંધાઈ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. વકીલને માર મારવાની ઘટનાને લઈ અરવલ્લી જિલ્લા સહિત સમગ્ર ગુજરાતભરના બાર એસોસીએશનમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે.

વકીલ ગોપાલ ભરવાડ ફરીયાદીને લઈને પોલીસ સ્ટેશન ગયા હતા, જયાં પોલીસ અને તેમની વચ્ચે રકઝક થઈ હતી. ત્યારબાદ ઉશ્કેરાયેલા પોલીસ કર્મીઓએ વકીલને માર માર્યો હતો. જેમાં ઈજાગ્રસ્ત થયેલા વકીલને સારવાર માટે હોસ્પીટલ ખસેડાયા હતા. આ ઘટના બાદ મોડાસા કોર્ટ પરીસરમાં વકીલોએ સુત્રોચ્ચાર કરીને પોલીસ સામે વિરોધ નોંધાવ્યો હતો અને તમામ વકીલો કામકાજથી અળગા રહ્યા હતા.

### ગ્રામજનોએ ઘટનાનો વીડિયો પણ વાયરલ કર્યો

# વિજાપુરના રણસીપુર ગામે દારૂના અડ્ડા પર જનતા રેડ!

### આગેવાનોએ ગ્રામસભા યોજી યુવાનો સહિત મહિલાઓને પણ સાથે રાખીને દારૂના અડ્ડાઓ પર જનતા રેડ પાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા હોવા છતાં ગ્રામીણ વિસ્તારોમાં ઠેર ઠેર દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. ત્યારે આ વિકૃતિ સામે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણસીપુર ગામમાં ગ્રામજનોએ સીધી કાર્યવાહી કરીને જનતા રેડ પાડી દીધી છે.

ગામના આગેવાનોએ ગ્રામસભા યોજી યુવાનો સહિત મહિલાઓને પણ સાથે રાખીને દારૂના અડ્ડાઓ પર જનતા રેડ પાડી છે. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, ત્યારે પોલીસની કામગીરી પર પણ ગંભીર સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, ઘટના લાડોલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા વિજાપુર તાલુકાના રણસીપુર ગામમાં ગામના આગેવાનોએ તાજેતરમાં ગ્રામસભા યોજી મોટી સંખ્યામાં મહિલાઓની હાજરીમાં ગામમાં દારૂના દુષણને ડામવા પર વિશેષ ચર્ચા કરી હતી. ગ્રામજનોએ જણાવ્યું કે, ગામમાં દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે, જેના કારણે ગામમાં અપરાધ, પારિવારિક કલેશ અને આર્થિક નુકસાન વધ્યું છે. જેથી ગ્રામસભાના નિર્ણય પછી તેઓએ જનતા રેડની કાર્યવાહી કરી છે. ગ્રામજનોએ અડ્ડાઓ પર પહોંચી, ત્યાં દેશી દારૂની બનાવટમાં વપરાતી સાધન-સામગ્રીનો નાશ કર્યો હતો.

આ જનતા રેડ દરમિયાન ગ્રામજનોએ આખી ઘટનાનું વીડિયો રેકોર્ડિંગ પણ કર્યું છે. ત્યારે આ ઘટનાથી પોલીસ વિભાગ પર ગંભીર સવાલો ઊભા થયા છે. ગામના વર્ષોથી ધમધમતા આ દારૂના અડ્ડા પર પોલીસે કંઈ પણ કાર્યવાહી ન કરતા અંતે સ્થાનિક જનતા હલ્લો બોલીને તૂટી પડી છે. ગ્રામજનોનું કહેવું છે કે, આ પહેલાં પણ અમે પોલીસને ફરિયાદો આપી છે, પરંતુ અડ્ડાઓ એમને એમ ધમધમી રહ્યા હતા. જોકે આ મામલે જિલ્લા કલેક્ટર કે પછી પોલીસ તંત્ર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

નોંધનીય છે કે, ગુજરાતમાં દારૂબંધીના કાયદા હેઠળ દારૂના વેપાર અને વપરાશ પર કડક પ્રતિબંધ છે, પણ ગ્રામીણ વિસ્તારોમાં આવા અડ્ડાઓની સમસ્યા વધુ છે.

થોડા દિવસ અગાઉ પણ બોટાદ અને જૂનાગઢ જિલ્લામાં ગ્રામીણ વિસ્તારોમાં સ્થાનિક લોકોએ આવી જ રીતે ગામમાં ધમધમતા દારૂના અડ્ડા પર જનતા રેડ પાડી હતી. ત્યારે હાલ વિજાપુરના રણસીપુર ગામની આ ઘટના બાદ ગુજરાતના અન્ય ગામોમાં પણ જનતા દારૂના અડ્ડા પર રેડ પાડવા નીકળી પડે તો નવાઈ નહીં.

# ગુજરાત જોડો સદસ્યતા અભિયાન અંતર્ગત ગોપાલ ઈટાલીયા ૮ ઓકટો.એ પંચમહાલ જિલ્લામાં સભા ગજવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત આમ આદમી પાર્ટીના નેતા દિનેશ બારીયાએ માહિતી આપતા જણાવ્યુ છે કે પંચમહાલ જિલ્લામાં વાઘજીપુર ગામે વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જાહેરસભા સંબોધવાના છે અને આ સંદર્ભે તેઓએ પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ગુજરાતમાં આમ આદમી પાર્ટી ખુબ જ તાકાત અને આયોજનપૂર્વક આગળ વધી રહી છે,

ગુજરાતમાં વિસાવદરની બેઠક પર મળેલી જીત બાદ પાર્ટીએ સદસ્યતા જોડો અભિયાનની શરૂઆત કરી છે જેમાં ગુજરાતની પ્રજાનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ગુજરાતની તમામ નગરપાલિકાની બેઠકો તથા જિલ્લા પંચાયત બેઠકો પર પાર્ટી દ્વારા જનસભાઓ કરવામાં આવી રહી છે અને તમામ બેઠકો પર ઈન્ચાર્જ અને સહઈન્ચાર્જ ની નિયુકિત કરવામાં આવી રહી છે, આમ સ્થાનિક પંચાયતોની ચુંટણીમાં તમામ બેઠકો પર આમ આદમી પાર્ટી પોતાના ઉમેદવારો ઉભા રાખી મજબુતાઈથી ચુંટણી લડવા જઈ રહી છે. જેના માટે પ્રદેશના નેતાઓ વિવિધ જિલ્લાઓમાં જઈને જનસભાઓ યોજી રહ્યા છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં આગામી ૮ ઓકટોબર ના રોજ શહેરા વિધાનસભા મતવિસ્તારના વાઘજીપુર ખાતે વિસાવદરના ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીના મજબુત નેતા ગોપાલ ઈટાલીયા સભા ગજવવાના છે. ત્યારે પંચમહાલ, મહિસાગર તેમજ દાહોદ જિલ્લાના કાર્યકરોમાં ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. કારણ કે ગોપાલ ઈટાલીયાની જીત બાદ આજે ગુજરાતના રાજકારણમાં ખુબ જ બદલાવ આવી ગયો છે અનેક સમીકરણો બદલાયા છે, એક સમયે એવુ કહેવાતુ હતુ કે આમ આદમી પાર્ટીમાં કોઈ નેતા નથી. આજે એ જ લોકો આમ આદમી પાર્ટીના નેતાઓથી ગભરાયા છે,



ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા, મનોજ સોરઠીયા, રાજુ કરપડા, પ્રવિણ રામ, રેશ્મા પટેલ, બ્રીજરાજ સોલંકી, જેવા નેતાઓએ આજે ગુજરાતને ગજવી અને ઘેરી મુકયુ છે. ગુજરાતની જનતા પણ તેમના વિચારો તથા કામગીરી કરવાની પધ્ધતિથી પ્રભાવિત છે. સરકાર સામે મજબુતાઈ થી લોકોના પ્રશ્નો અને સમસ્યાઓના મુદ્દા પર લડત આપે છે. જેથી લોકોને આ નેતાઓ પ્રત્યે આકર્ષણ ઉભુ થયુ છે અને લોકો આવકાર અને સ્વીકાર કરે છે, આથી વાઘજીપુર ગામે ગોપાલ ઈટાલીયાની જાહેર સભા રાખવામાં આવી છે, જેમાં જંગી મેદની ભેગી કરવા માટે કાર્યકરો અત્યાર થી જ કામે લાગી ગયા છે.

### ફાયરના જવાનોએ ૧૦ જેટલા રહેશોનું રેસ્ક્યુ કર્યું હતું

# ઝુંડાલમાં આવેલી બિલ્ડીંગના ફ્લેટના ૮ માળે લાગી આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે ગાંધીનગરના ઝુંડાલમાં આવેલા ફ્લેટમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી.

મળતી માહિતી અનુસાર મોડી રાતે ઝુંડાલમાં આવેલી એક બિલ્ડીંગના ફ્લેટના ૮માં માળે આગ ભભૂકી હતી. આગમાં સમગ્ર મકાનની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ફાયરના જવાનોએ ૧૦ જેટલા રહેશોનું રેસ્ક્યુ કર્યું હતું. પ્રાપ્તથતી વિગત અનુસાર શોર્ટ સર્કિટ પછી આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. ઘટનાની જાણ થતા અમદાવાદ અને ગાંધીનગરના ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગને કાબુ લીધી હતી. જો કે સદનસીબે આગમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

ઉલ્લેખનીય છે કે મકાનમાં આગ લાગતા જ આસપાસના વિસ્તારોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તેમજ દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા. આગ લાગવાની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલિક ધોરણે અમદાવાદ અને ગાંધીનગરની ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

## ધ્રોલ તાલુકાના રોજીયા ગામના યુવાનનો નદીમાં ઝંપલાવી આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના ધ્રોલ ગામની નદીમાં ઝંપલાવીને રોજીયા ગામના યુવાને આત્મહત્યા કરી લીધી હતી. પિતાએ અભ્યાસ બાબતે ઠપકો આપતાં યુવકે આ પગલું ભર્યું હતું.ધ્રોલ તાલુકાના રોજીયા ગામમાં રહેતા સુનિલ વિક્રમભાઈ ડાંગર (૨૪)નો મૃતદેહ સવારે ધ્રોલની બાવની નદીમાંથી મળી આવ્યો હતો.

### ભરતસિંહ સોલંકીએ પણ બંધ બારણે કોળી સમાજના આગેવાનો સાથે બેઠક કર્યા બાદ સમીકરણો બદલાયા

# પ્રદેશ પ્રમુખની નિમણુંક બાદ રાજકોટનો ચુવાળીયા કોળી સમાજની બેઠક યોજાઈ : ભાજપ છોડી હવે અન્ય પક્ષમાં જોડાવવાની આપી ચીમકી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલમાં જ નવા ભાજપ પ્રદેશ પ્રમુખની નિમણુંક કરવામાં આવી છે, નવા ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ ઓબીસીમાંથી આવે છે આ વખતે ઘણા સમયથી ઓબીસી નેતાઓને આગેવાન બનાવવાની માંગ વધી હતી. જેના કારણે પણ આ નિર્ણય લેવામાં આવ્યો છે. પણ હવે આ બધાની વચ્ચે રાજકોટમાંથી ચુવાળીયા કોળી સમાજ મેદાને આવ્યો છે અને હવે જયારે આગામી સમયમાં મંત્રી મંડળનુ વિસ્તરણ થવાનુ છે ત્યારે કોળી સમાજના નેતાઓનો સમાવેશ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. આજે રવિવારે રાજકોટમાં ચુવાળીયા કોળી સમાજની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક ચુવાળીયા કોળી સમાજના આગેવાન



રણછોડભાઈ ઉધરેજા ના નિવાસસ્થાને યોજાઈ હતી અને આ બેઠકમાં સમાજની આગળની રણનીતી નકકી કરવામાં આવી હતી. આ બેઠકમાં સ્થાનિક આગેવાનો દ્વારા સૌ પ્રથમ સૌરાષ્ટ્ર લેવલે ચિંતન બેઠકો યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેમ છતાં પણ કોઈ નિર્ણય લેવાશે નહી તો દોઢ લાખ લોકોનુ મહાસંમેલન યોજવામાં આવશે. જેમાં નિર્ણય લીધા બાદ વરસોથી ભાજપ સાથે જોડાયેલો ચુવાળીયા કોળી સમાજ કોંગ્રેસ સાથે હાથ મીલાવે તેવી શકયતા છે. આગેવાન રણછોડભાઈ ઉધરેજાએ જણાવ્યુ હતુ કે આજે રાજકોટ, મોરબી તેમજ વાંકાનેર સહિત ૬ વિધાનસભા બેઠકના આગેવાનો વચ્ચે એક ચિંતન બેઠક યોજાઈ હતી. જેમાં સમાજનુ પ્રભુત્વ સરકારમાં વધે તે માટે જરૂરી પગલા લેવાની ચર્ચા કરવામાં આવી હતી. હાલ ૪૦ વરસથી ભાજપમાં હોવા છતાં અમારા સમાજને અન્યાય થઈ રહ્યો છે. જેને લઈને આગામી સમયમાં આગેવાનો આખા સૌરાષ્ટ્રમાં પ્રવાસ કરીને અન્ય આગેવાનોનો મત જાણશે. ત્યારબાદ અંદાજે દોઢ લાખ લોકોનુ એક મહાસંમેલન યોજી અમારા સમાજને વધુ પ્રભુત્વ આપે તેવા પક્ષમાં બધા એક સાથે જોડાશે. બે દિવસ અગાઉ કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીએ પણ ચુવાળીયા કોળી સમાજ સાથે એક બેઠક યોજી હતી. બેઠક યોજયા બાદ સમીકરણો બદલાયા હતા. કોળી સમાજના આગેવાનો સાથે બેઠક કરી હતી. ત્યારબાદ ભરતસિંહ સોલંકીની બેઠકનો વિડીયો પણ વાયરલ થયો હતો. જેમાં ભરતસિંહ સોલંકીએ દલીતો, આદિવાસીઓ અને અન્ય સમાજોને મળતા અધિકારો અંગે ટીપ્પણી કરતા કહ્યુ હતુ કે દલીત, આદિવાસી સહિતના સમાજને માંગ્યા વિના મળે છે. કેમ કે ડો.બાબા આંબેડકરે બંધારણમાં જોગવાઈ કરેલી છે, ભરતસિંહ સોલંકીએ આ સમયે કરેલ સંબોધનમાં સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે આપણો ભુવો હશે તો જ આપણા ડાકલા વાગશે. જે સમાજનુ નેતૃત્વ સમાજના હાથમાં હોવુ જોઈએ તેવો સંકેત આપે છે.

### અમરેલીમાં લીલા દુકાળની સ્થિતિ

# પાછોતરા વરસાદે ખેડૂતોની આશા ઉપર પાણી ફેરવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

લાઠી પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા પાછોતરા વરસાદે ખેડૂતોની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. જેના કારણે લાઠી, સાવરકુંડલા, અમરેલી, લીલીયા, રાજુલા અને ખાંભા તાલુકાના ગામોમાં મગફળીના પાકને મોટું નુકસાન થયું છે. ખેતરોમાં પડેલા મગફળીના પાથરા વરસાદને કારણે ભીંજાઈ ગયા છે, જેના લીધે પાકમાં ફૂગ લાગવાનું શરૂ થયું છે અને દાણા ખરાબ થઈ રહ્યા છે. આ નુકસાને ખેડૂતોની આર્થિક સ્થિતિને કફોડી બનાવી દીધી છે.

ખેડૂતોના જણાવ્યા અનુસાર, એક વીઘા જમીનમાં મગફળીના પાક માટે ખાતર, બિયારણ, સિંચાઈ અને મજૂરીનો સરેરાશ ખર્ચ લગભગ ૧૫,૦૦૦ રૂપિયા થાય છે. આ વર્ષે સારી ઉપજની આશા હતી, પરંતુ વરસાદે આખું રોકાણ બરબાદ કરી દીધું છે. ઘણા ખેડૂતોના પાથરા ખેતરમાં જ નાશ પામ્યા, જેનાથી તેમને માથે ઓઢીને રડવાનો વારો આવ્યો છે. ઝરખીયા ગામના ખેડૂતોએ ખેતરોમાં એકઠા થઈને નુકસાનનું નિરીક્ષણ કર્યું અને દુઃખ વ્યક્ત કર્યું હતું. ખેડૂત ઘનશ્યામ વેકરીયાએ જણાવ્યું કે, ''મગફળીના પાથરા પલળી ગયા છે અને દાણા ફૂગાઈ ગયા છે. આ વર્ષે સારું ઉત્પાદન મળશે એવી આશા હતી, પરંતુ હવે બધું નુકસાન થઈ ગયું છે. એક વીઘામાં ૧૫,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો હતો, પરંતુ એક રૂપિયો પણ પાછો નહીં મળે.''

આ સાથે, અન્ય ખેડૂત અલ્પેશ કાકડિયાએ કહ્યું કે, ''અમે ઉધાર લઈને ખેતીમાં રોકાણ કર્યું હતું, પરંતુ વરસાદે બધુ બરબાદ કરી દીધું છે. હવે એક વીઘામાંથી ૫૦૦ રૂપિયાની આવક પણ નહીં થાય. આથી, સરકારે તાત્કાલિક સર્વે કરાવી વળતર આપવું જોઈએ.''

તાલુકા પંચાયત લાઠીના સદસ્ય પ્રવીણ કાકડિયાએ જણાવ્યું કે, લાઠી પંથકના અનેક ગામોમાં મગફળીના પાથરા પલળી ગયા છે. તાલુકા સ્તરે આ અંગે અહેવાલ તૈયાર કરી જિલ્લા કચેરીને મોકલવામાં આવશે. ખેડૂતોની માગ છે કે, સરકાર તાત્કાલિક સર્વે કરી, પાકનું યોગ્ય મૂલ્યાંકન કરે અને વળતરની પ્રક્રિયા શરૂ કરે. આ ઉપરાંત, પાક વીમાની રકમ સમયસર મળે તે માટે પણ સ્થાનિક તંત્રે પગલાં લેવા જોઈએ. ખેડૂતોએ વ્હેલી તકે વળતર જાહેર કરવા અને ભવિષ્યમાં આવા નુકસાનથી બચવા અસરકારક પગલાંની માગણી કરી છે.